**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૯ ટકા

# પાઠયપુસ્તક મંડળના ગોડાઉન ખાતે પુસ્તક ભરેલા ટ્રકોનો ખડકલો





ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળના સેકટર-૨૫ સ્થિત ગોડાઉન ખાતે ૬૦થી વધુ ટ્રકોનો ખડકલો સર્જાયો છે. આ તમામ ટ્રકમાં વિવિધ ધોરણ અને વિષયોના પુસ્તકો છે પરંતુ પાઠયપુસ્તક મંડળ દ્વારા એક પણ ટ્રકને ગોડાઉનમાં પ્રવેશ આપવામાં આવ્યો નથી જેને લઈ ટ્રક ડ્રાઈવરોની હાલત કફોડી બની જવા પામી છે ત્યારે તાજેતરમાં ગોડાઉનમાં થયેલી પુસ્તકોની ચોરી અંગે તપાસ ચાલી રહી છે જેને અનુલક્ષી હાલ એક પણ ટ્રકને અંદર પુસ્તકો લઈને જવા દેવામાં આવતા નથી તેમ જાણવા મળ્યું છે ત્યારે પુસ્તકો ભરેલા ટ્રક કયારે ખાલી થશે તેની ટ્રક ડ્રાઈવરો અને માલિકો રાહ જોઈ રહ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગર પાઠય પુસ્તકમંડળના ગોડાઉન ખાતે પુસ્તકો જમા કરાવવા માટેની તારીખ ૧ થી ૧૦ જાન્યુઆરી સુધીની આપવામાં આવી છે જેના અનુસંધાનમાં અલગ અલગ જગ્યાએથી આવેલ કુલ ૬૫ જેટલી ગાડી પુસ્તકો સાથે ગોડાઉનની બહાર ઉભી છે. તેમાંથી એક પણ ગાડી જમા થઈ નથી અને સવારથી ટ્રક ડ્રાઈવરો ગોડાઉનની બહાર એ આશમાં છે કે જલ્દીથી પુસ્તકો જમા થઈ જાય. ઉલ્લેખનીય છે કે પુસ્તકો નિશ્ચિત તારીખથી મોડા જમા થાય તો તગડી પેનલ્ટી દ્વારા દંડ વસૂલવામાં આવે છે. પરંતુ થોડા સમય પહેલા જ ગોડાઉનમાંથી લગભગ ૪૨ લાખના પુસ્તોકની ચોરી થયાની તપાસ હજુ ચાલી રહેલી હોવાથી હાલ કોઈ પુસ્તકો જમા નહીં કરાય તેવું તંત્ર દ્વારા જણાવાયું છે.

# કામવાળી મહિલાને કાઢી મુકતા કામવાળીના પતિએ મકાન માલિક પર હુમલો કર્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક અડાલજ પાસો અજીબો-ગરીબ ઘટના સામે આવી છે. જેમાં કામવાળી મહિલાને ઘર માલિકે કાઢી મુકતા કામવાળીના પતિએ આ વાતની અદાવત રાખીનો મકાન માલિક પર હુમલો કરી ઈજા પહોંચાડતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ત્યારે હવે કામવાળાને કાઢી મુકતા પણ શહેરીજનોએ વિચાર કરવો પડે તેવી ઘટના બનવા પામી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પાસે આવેલા રોયલ વૈભવ હોમ્સ ખાતે છેલ્લા પાંચ વર્ષથી રહેતા જયંતિભાઈ શંકરભાઈ ચૌધરી (ઉં.વ.૫૯) વસવાટ કરે છે. જયંતિભાઈ કલોલ પાસો પ્રાઈવેટ કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગુરુવારના રોજ વહેલી સવારે ઘર પાસે તેઓ કંપનીની બસની રાહ જોતા ઉભા હતા, તે સમયે છાપરામાં રહેતો મહેશ નામનો શખ્સ હાથમાં લાકડુ લઈને આવ્યો હતો અને કાલે મારી પત્ની અને પિતા સાથે કેમ બોલાચાલી કરી હતી, તેમ કહીને હાથમાં રહેલુ લાકડુ માર્યુ હતું. જેથી ફરીયાદીને જમણી આંખની પાસે લોહી નીકળતુ હતું. જેથી બનાવને પગલે તાત્કાલીક દોડી આવેલા નાગરીકોએ ફરીયાદીને દવાખાને સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે જયંતિભાઈએ પોલીસ ફરીયાદ નોંધાવી છે. ફરીયાદીના દાવા પ્રમાણે દોઢેક માસ અગાઉ આરોપીની પત્નીને ઘરકામમાંથી છુટ્ટી કરી દીધી હતી તેની અદાવત રાખીને આ શખ્સે હુમલો કર્યો હતો.

## આજે ઉદગમ ટ્રસ્ટ દ્વારા સરકારી શાળામાં સ્વેટર વિતરણ

ગાંધીનગર, તા.૩

ઉદગમ ટ્રસ્ટ અને સાયબોજ આશા ટ્રસ્ટ દ્વારા સવારે ૧૦ વાગ્યે સે-૨૪ સરકારી પ્રાથમિક શાળા નં.૨ ખાતે સ્વેટર વિતરણ યોજાશે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, કોર્પોરેટર ધીરૂભાઈ ડોડિયા, અંકિત બારોટ, નીલાબેન શુકલા અને હર્ષાબા ધાંધલ ખાસ ઉપસ્થિત રહેશે.

## નવા કેલેન્ડર વર્ષની પ્રથમ પુસ્તક પરબ રવિવારે સ્વર્ણિમ પાર્ક, ઘ - ૪ સર્કલ નજીક યોજાશે

ગાંધીનગર, તા.૩

માતૃભાષા અભિયાનનાં ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનનાં સહયોગથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. જાન્યુઆરી માસની પુસ્તક પરબ આ રવિવાર તા. ૫-૧-૨૦૨૦ નાં રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન સ્વર્ણિમ પાર્ક, ઘ - ૪ સર્કલ પાસે (અગાઉ જયાં યોજાતી હતી એની સામેની બાજુ, ગાર્ડનના કોર્નર પર - છત્રી નીચે)ઉદ્યોગ ભવન સામે, ગાંધીનગર ખાતે યોજાશે. છેલ્લાં છ વર્ષથી આ પરબ પુસ્તક પરબ ટીમ દ્વારા યોજાય છે. ગાંધીનગરના અનેક પુસ્તકપ્રેમી, વાચકો, મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, વરિષ્ઠ નગરજનો, નોકરી - વ્યવસાય કરનાર ભાવકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આનો લાભ લે છે. પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ બે પુસ્તક અને બે સામયિક વિના મૂલ્યે લઈ જઇ શકે છે. વાંચી લીધાં પછી પુસ્તકો આ પરબમાં પરત આપી શકાય છે. પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે. પુસ્તક પરબમાં એક મેળા જેવો માહોલ જામતો હોય છે. સહુ ભાવકો- વાચકોને પધારવા આત્મન - પુસ્તક પરબ ટીમ વતી નિમંત્રણ છે.

## ચિરવિદાય

- ● સ્વ. અર્ચના દિનેશભાઈ પુરબીયા, ઉ.વ. ૧૯
- ● સ્વ. મણાજી જીવાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- ● સ્વ. ભૂમિકાબેન સંદિપકુમાર પ્રજાપતિ, ઉ.વ. ૨૮
- ● સ્વ. પુરૂષોત્તમભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ. ૮૨




## સરકારી વિજ્ઞાન કોલેજમાં ફીનીશીંગ સ્કૂલ પ્રકલ્પ અંતર્ગત તાલીમ

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજય, શિક્ષણ વિભાગના નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાતના (કેસીજી)ના ઉપક્રમે રાજયની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ આપતી કુલ ૨૫૩ કોલેજોમાં હાલ ફીનીશીંગ સ્કૂલ કાર્યરત છે. વિદ્યાર્થીઓમાં લાઈફ સ્કીલ, એમ્પ્લોયબીલીટી સ્કીલ તથા ઈંગ્લીશ ફંકશનલ સ્કીલનો વિકાસ થાય તે હેતુથી સરકારી વિજ્ઞાન કોલેજ સે-૧૫ ગાંધીનગર ખાતે કુલ ૮૦ કલાકની તાલીમનું આયોજન તા. ૧-૮-૨૦૧૯ થી ૧૦-૮-૨૦૧૯ તથા ૧૪-૧૨-૨૦૧૯ થી ૨૩-૧૨-૨૦૧૯ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ તાલીમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. એમ.જી. ભટ્ટની અધ્યક્ષતા હેઠળ તથા ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ડી.એ. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ ફિનિશિંગ સ્કૂલના કોર્ડીનેટર ડૉ. યોગીતા પરમાર દ્વારા કરવામા આવ્યું હતું. આ તાલીમ કેસીજી દ્વારા નિયત કરાયેલા એમ્પેનલ્ડ ટ્રેનર મેહુલ સોની તેમજ કું. આંચલ જા દ્વારા કુલ ૪૪ વિદ્યાર્થીઓની બેચને આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓએ ૨૩-૧૨-૨૦૧૯ના રોજ સફળતાપૂર્વક સંપૂર્ણ તાલીમ પૂર્ણ કરી હતી.




સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની ફરતી મોબાઈલ વાન દ્વારા ગાંધીનગરના ગામડાઓના જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો તથા મોટાઓ સહિત કુલ ૧૩૦૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. આ સેવા કાર્યમાં સંસ્થાના ડૉ. એ.વી. પટેલ, ડૉ. કે.એમ. પરમાર, ડૉ.કે.સી. પટેલ, ડૉ. ચંદુભાઈ પટેલ, ગુણવંતભાઈ, વિનોદભાઈ, ડી.એમ. પરમારનો પૂરતો ફાળો રહ્યો હતો.



જલારામ મહિલા મંડળ દ્વારા સરકારી શાળાના બાળકોને સીંગ અને તલની ચીકીનું વિતરણ કરવામાં આવ્યું.

# આદરજ ગામે જુગાર રમતા ૩ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા આદરજ ગામે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમી પેથાપુર પોલીસ મથકના કોન્સ્ટેબલ અલ્પેશસિંહને મળી હતી. જેને પગલે પોલીસે આદરજ ગામે ગુરુવારની રાત્રીના સમયે તબેલાની બાજુમાં પોલીસે રેઈડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. જેમાં ત્રણ જુગારીઓ પકડાઈ ગયા હતા અને બે ફરાર થઈ ગયા હતા. પકડાયેલા જુગારીઓમાં ગામના જ વિક્રમ કાળાજી ઠાકોર, ચતુર બાબુજી ઠાકોર, ગોવર્ધન કાનાજી ઠાકોર,નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રકમ રૂ. ૧૧૬૯૦ તેમજ એક મોબાઈલ મળી કુલ ૧૩૬૯૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જયારે ભાગી ગયેલા જુગારીઓમાં ગામના જ દશરથ જેણાજી ઠાકોર અને અનીલ બાબુજી ઠાકોર હોવાનું જાણવા મળતા પોલીસે પાંચેય શખ્સો સામે જુગાર ધારા હેઠળગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.



સતત સત્તરમા વર્ષે સોજીત્રાથી અંબાજી જવા નીકળેલો સંઘ આજે વાવોલના સિદ્ધનાથ મહાદેવ મંદિરે પધાર્યો હતો જેનું વાવોલના અગ્રણીઓએ સ્વાગત કરી અને તેમને જરુરી સેવા પુરી પાડી હતી.




ભારતીય વિચાર મંચ દ્વારા ભારતીય નાગરિકતા સંશોધન કાનૂન અંગે વિષદ્ છણાવટ કરવા એક વિચારવિમર્શ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'અરાષ્ટ્રવાદી મત કા ખંડન, નાગરિકતા સંશોધન કાનુન તથા ઔર સત્ય' આ વિષય પર દિલ્હી ખાતેની સુપ્રિમ કોર્ટના મુસ્લિમ મહિલા વકીલ, સામાજિક કાર્યકર તથા ચિંતક એવા સુબુહીખાને વકતવ્ય આપ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્વાનો અને નગરજનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.



## સિસિકા દ્વારા અમૃત મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ડિસેમ્બર માસની માસિક સભાના સમાપન બાદ અમૃત મહોત્સવ યોજાયો હતો. જેમાં કાઉન્સિલના ૭૫ વર્ષ પૂરા કરનાર સભ્યોનું સન્માન તથા ૭૦ વર્ષ પૂર્ણ કરનાર બહેનોનું સન્માન શાલ, ફૂલછડી તથા અભિવાદનપત્ર આપી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા દંપતિનું પણ ધામધૂમથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કડી કેમ્પસના ડાયરેકટર સોમાભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર સભાનું સંચાલન ટ્રસ્ટી મહેન્દ્રભાઈ એમ. શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.




## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**સબ કુશલ મંગલ**
૧૦.૦૫, ૧.૦૦, ૩.૫૦, ૧૦.૧૫
**ગુડ ન્યુઝ**
૧૦.૪૫, ૧.૪૦, ૨.૪૦, ૪.૩૫, ૭.૩૦, ૧૦.૨૫
**દબંગ-૩**
૧૧.૨૦, ૨.૧૦, ૫.૪૦, ૯.૦૦
**જુમાનજી ઘ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૯.૩૦, ૫.૩૫, ૧૦.૩૫
**મર્દાની-૨** - ૮.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૫૦
**હેલ્લારો** - ૧૨.૧૦
**જી (ગુજરાતી)**
૭.૪૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**સબ કુશલ મંગલ**
૧૦.૩૫, ૪.૨૦, ૭.૨૦, ૧૦.૦૫
**ભંગરા પાલે**
૧૦.૨૫, ૧.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
**જી (ગુજરાતી)**
૪.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૦૫, ૭.૨૦
**ગુડ ન્યુઝ**
૯.૦૫, ૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૦, ૧.૪૦, ૩.૩૫, ૪.૩૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૨૫, ૧૦.૨૫
**દબંગ-૩**
૧.૧૫, ૧૦.૧૦
**જુમાનજી-૨**
૪.૪૦
**મર્દાની - ૨**
૧૧.૫૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
**ભંગરા પાલે**
૧૦.૩૦, ૧.૧૫, ૪.૩૦, ૧૦.૩૦
**સબ કુશલ મંગલ**
૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**જી (ગુજરાતી)**
૭.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**ગુડ ન્યુઝ**
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**શિમલા મિર્ચ**
૧૧.૪૫, ૪.૪૫, ૯.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૦૦
**દબંગ-૩**
૪.૦૦, ૯.૩૦
**મર્દાની-૨**
૧.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૬.૪૫
**સબ કુશલ મંગલ**
૩.૪૫, ૯.૪૫

## આજે ગાંધીનગરમાં

● સરગમ કલ્ચરલ ગૃપનો સ્નેહમિલન કાર્યક્રમ બપોરે ૨ થી ૭ વાગ્યા દરમિયાન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનનું સ્નેહમિલન સાંજે ૪ વાગ્યે ગોકુલધામ પાર્ટી પ્લોટ દહેગામ ખાતે યોજાશે.

● અખિલ આંજણા કેળવણી મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ સવારે ૯.૩૦ વાગ્ય માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસ ખાતે યોજાશે.

● હિન્દી ફિલ્મોના ગીતોનો લાઈવ ઓરકેસ્ટ્રા સૂર વંદના કાર્યક્રમ રાત્રે ૮.૩૦ વાગ્યે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● બ્રહ્મભવન સે-૧૬ ખાતે સવારે ૧૦ થી ૮ દરમિયાન સમસ્ત બ્રહ્મસમાજ ભવન સે-૧૬ ખાતે ફ્રી સંપૂર્ણ આયુર્વેદિક ચેકઅપ કેમ્પ યોજાશે જેમાં એપોઈન્ટમેન્ટ નોંધાવવી ફરજીયાત રહેશે.